# MCA
# READY RECKONER

## એડમિશન કમિટી

- ગુજરાતની તમામ MCA કોલેજોના એડમિશન ACPC (www.jacpcldce.ac.in) દ્વારા CMAT (Common Management Admission Test) રેન્કના આધારે કોમન મેરીટ લિસ્ટ બનાવીને www.gujacpc.admissions.nic.in પર ઓનલાઈન કરવામાં આવે છે.

## લાયકાત (Eligibility)

- વિદ્યાર્થીએ સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ મિનિમમ 50% માર્ક્સ (45% અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ માટે) સાથે 10+2 અથવા ગ્રેજ્યુએશન લેવલ પર મેથેમેટિક્સ / બિઝનેસ મેથેમેટિક્સ / સ્ટેટીસ્ટીક્સ સાથે પાસ કરેલ હોવો જોઈએ.
- મેથેમેટિક્સનું બેકગ્રાઉન્ડ ન ધરાવતા વિદ્યાર્થીઓએ જે તે યુનિવર્સીટીના નિયમો મૂજબ તૈયાર કરવામાં આવેલ બ્રિજ કોર્ષ પાસ કરવાનો રહેશે.

## રજીસ્ટ્રેશન

- મુખ્ય સમાચારપત્રોમાં એડમિશન કમિટીની જાહેરાત આવે ત્યારે નિયત સમય મર્યાદામાં www.gujacpc.admissions.nic.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ રજીસ્ટ્રેશનની પ્રિન્ટ સાચવીને રાખવી જરૂરી છે. સામાન્યપણે, રજીસ્ટ્રેશન મે અથવા જૂનમાં સ્ટાર્ટ થાય છે.

## એડમિશન પ્રક્રિયા

- **મેરીટ લીસ્ટ –** એડમિશન કમિટી દ્વારા CMATમાં મેળવેલ માર્ક્સ મુજબ કોમન મેરીટ લિસ્ટ બનાવવામાં આવે છે.
- મેરીટ લિસ્ટ જાહેર થયા બાદ એડમિશનના રાઉન્ડ નીચે મુજબ યોજાય છે.
  - **મોક રાઉન્ડ (પ્રેક્ટીસ રાઉન્ડ)**
    - મોક રાઉન્ડ એ ચોઈસ ફીલિંગ અને એલોટમેન્ટ પ્રોસેસ સમજવા માટેનો પ્રેક્ટીસ રાઉન્ડ છે. આ રાઉન્ડનું એડમિશન માન્ય ગણાતું નથી.
  - **રાઉન્ડ –1 (એક્ચ્યુલ એડમિશન રાઉન્ડ)**
    - રાઉન્ડ–1માં મળેલ પ્રવેશ કન્ફર્મ કરાવી શકાય છે. TFWS (Tuition Fee Waiver Scheme) બેઠકો આ રાઉન્ડમાં જ ભરાઈ જાય છે માટે ચોઈસ ફિલિંગ કાળજીપૂર્વક કરવી. TFWS અને NON-TFWSની ચોઈસ જુદી–જુદી ભરવાની હોય છે. ચોઈસ ફીલિંગની પ્રિન્ટ ખાસ સાચવીને રાખવી.
    - રાઉન્ડ–1માં મળેલ પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે નિયત સમય મર્યાદામાં ઓનલાઈન ટોકન ફી ભરવાની રહેશે.
    - ફી ભર્યા બાદ વિદ્યાર્થીએ લોગ–ઈન કરીને એડમિશન લેટરની પ્રિન્ટ કાઢવાની રહેશે.
    - રાઉન્ડ–1નું એડમિશન કન્ફર્મ કરો કે ના કરો, રાઉન્ડ–2માં તો તમે ભાગ લઈ જ શકો છો.
  - **રાઉન્ડ–2 (રીશફલીંગ રાઉન્ડ)**
    - રાઉન્ડ–1ના એલોટમેન્ટમાં ખાલી રહેલી અને ટોકન ફી ન ભરવાના કારણે ખાલી પડેલી બેઠકોના એડમિશન આ રાઉન્ડમાં થાય છે.
    - રાઉન્ડ–2માં એટલી જ ચોઈસ ભરવી કે જેમાં એડમિશન મળે તો 100% લેવું જ હોય.
    - જો રાઉન્ડ–2માં નવી બેઠક ફાળવવામાં આવે તો રાઉન્ડ–1નો પ્રવેશ આપમેળે રદ થઈ જશે અને ફરજીયાતપણે વિદ્યાર્થીએ રાઉન્ડ–2માં ફાળવવામાં આવેલી બેઠક પર જ એડમિશન લેવું પડશે.
    - જો રાઉન્ડ–2માં વિદ્યાર્થીએ ભરેલી ચોઈસમાં એડમિશન ના મળે તો રાઉન્ડ–1 નું કન્ફર્મ કરાવેલુ એડમિશન ચાલુ રહેશે.
  - **ઓફલાઈન રાઉન્ડ (સ્પોટ રાઉન્ડ)**
    - રીશફલિંગ રાઉન્ડ બાદ ખાલી રહેલી બેઠકો માટે એડમીશન કમિટી દ્વારા સમય સંજોગો અનુસાર નિર્ણય લેવાય છે.
  - **મેનેજમેન્ટ ક્વોટા અને વેકેન્ટ ક્વોટા (MQ and VQ)**
    - SFI કોલેજોની MQ બેઠકો અને એડમીશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલી વેકન્ટ બેઠકોના એડમિશન માટે કોલેજનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

## CMAT (Common Management Admission Test)

- CMATએ MCA કોર્ષમાં પ્રવેશ મેળવવા માટેની NTA (National Testing Agency) દ્વારા લેવામાં આવતી રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષા છે.
- CMAT ત્રણ કલાકની કોમ્પ્યુટર આધારિત ઓનલાઈન ટેસ્ટ છે જેનુ પેપર અંગ્રેજીમાં જ હોય છે.
- CMAT જાન્યુઆરી અથવા ફેબ્રુઆરી મહિનામાં લેવાય છે.

***જે વિદ્યાર્થીઓએ CMATની પરીક્ષા ના આપી હોય તેઓ પણ એડમિશન લઈ શકે છે. જેના માટે કોલેજનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.***

## MCA

- MCA (માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન) 2 વર્ષનો (4 સેમેસ્ટર) ટેકનીકલ પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ છે.
- જે વિદ્યાર્થીઓએ આધુનિક પ્રોગ્રામિંગ લેંગ્વેજ શીખીને IT ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી હોય તેમના માટે MCA ઉત્તમ વિકલ્પ છે.
- B.Sc. (IT) અને BCAના વિદ્યાર્થીઓ MCAની ડિગ્રી મેળવીને કોમ્પ્યુટર એન્જીનીયરને સમકક્ષ બની શકે છે.

## Govt. MCA Institutes

(As per admission committee website)

| No. | Institute | University | Fees / Year | Intake |
|---|---|---|---|---|
| 1 | Dept. of Computer Science, M. K. Bhavnagar Uni., Bhavnagar | MKBU | 7,870 (Boys) 4,370 (Girls) | 38 |
| 2 | Dept. of Computer Science, Saurashtra Uni., Rajkot | SU | 5,085 (Boys) 3,585 (Girls) | 38 |
| 3 | Dept. of Computer Science, Veer Narmad Uni., Surat | VNSGU | 6,915 (Boys) 4,415 (Girls) | 38 |
| 4 | Faculty of Technology & Engineering, MSU, Vadodara | MSU | 9,000 (Boys) 4,000 (Girls) | 38 |
| 5 | FoM & Information Science, DDU, Nadiad | DDU | 9,250 (Boys) 7,500 (Girls) | 38 |
| 6 | G. H. Patel PG Dept. of CS and Tech., V. V. Nagar | SPU | 8,840 (Boys) 7,640 (Girls) | 50 |
| 7 | Government MCA College, Maninagar, Ahmedabad | GTU | 1,500 | 75 |
| 8 | L. D. College of Engineering, Ahmedabad | GTU | 1,500 | 38 |
| 9 | Rollwala Computer Centre, Ahmedabad | GU | 6,700 (Boys) 3,400 (Girls) | 38 |

## સ્કોલરશીપ

- **TFWS (Tuition Fee Waiver Scheme)** જે વિદ્યાર્થીના કુટુંબની કુલ વાર્ષિક આવક Rs. 8,00,000/- થી ઓછી હોય તેને TFWSનો લાભ મળવાપાત્ર છે. કુલ બેઠકોની 5% સુપરન્યુમેરરી (વધારાની) બેઠકો TFWS હોય છે જે મેરીટ નંબરના આધારે જ ભરવામાં આવે છે. જો વિદ્યાર્થીને TFWS હેઠળ એડમિશન મળે તો પૂરા અભ્યાસક્રમ દરમ્યાન ટ્યુશન ફી ભરવાની હોતી નથી. TFWS બેઠકો માટે અલગ ચોઇસ ભરવાની હોય છે. આ યોજનાનો લાભ લેવા માટે TDO, DDO, મામલતદાર, કલેક્ટર, જન સેવા કેન્દ્ર પરથી કઢાવેલું આવકનું સર્ટીફીકેટ રજીસ્ટ્રેશનની સાથે જોડવાનું આવશ્યક છે.
- **પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ** ગુજરાત સરકાર દ્વારા SEBC / SC / ST / NT / DNT જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ આપવામાં આવે છે. આ યોજનામાં જે કેટેગરી લાગુ પડતી હોય તેની માહિતી કોલેજમાંથી મેળવી નિયત સમયમર્યાદામાં Digital Gujarat Portal (www.digitalgujarat.gov.in) મારફતે વિદ્યાર્થીઓએ ઓનલાઇન અરજી કરવાની રહેશે. સરકારશ્રી દ્વારા નિયત કરેલ રકમની સ્કોલરશીપ દર વર્ષે આપવામાં આવે છે.
- સ્કોલરશીપની વધુ માહિતી માટે www.digitalgujarat.gov.in


MCA Admission

Download Mobile App from
Google Play Store by searching
**"Gujarat MCA Admission"**

http://diet.vc/a_amca


## Important Websites

| | |
|---|---|
| www.jacpcldce.ac.in | ACPC Circulars / News / Announcements |
| gujacpc.admissions.nic.in | Registration / Choice Filling / Allotment |
| www.frctech.ac.in | Fee Regulatory Committee, Technical |
| www.cmat.nta.nic.in | Common Management Admission Test |

આ બુકલેટનો ઉદ્દેશ માર્ગદર્શન માટે છે. બુકલેટમાં આપેલ માહિતી માટે પૂરતી કાળજી લેવામાં આવી છે, તેમ છતા કોઇપણ ભુલચૂક હોય તો તેના માટે અમે દીલગીર છીએ. વિદ્યાર્થીઓને અપીલ છે કે પોતાની આર્થિક, કૌટુંબિક, શારીરિક અને બૌદ્ધિક ક્ષમતાના આધારે માતા–પિતા સાથે ચર્ચા કરીને કેરીયરની પસંદગીનો નિર્ણય કરવો જોઇએ.


Darshan UNIVERSITY

योग: कर्मसु कौशलम्

**University Campus**
Rajkot-Morbi Highway,
Rajkot – 363650
9727747310
www.darshan.ac.in

**Counseling Centre**
401, Lotus Arcade, 8 - Royal Park,
Between KKV Circle & Indira Circle
150 Ft. Ring Road, Rajkot - 360005.
7096979952 / 62